શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)
~~Rs. 4700/-~~ Rs. 1500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Creatinine, Blood Urea, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride) ▶ યુરિન ચેકઅપ Urine Test
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin ▶ સુગર તપાસ (Diabetes) FBS, PPBS
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12 ▶ થાઈરોઈડ તપાસ T3 T4 TSH ▶ દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG ▶ છાતીની તપાસ Chest X-Ray ▶ સંધિવા તપાસ RA Test
- એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
➡ DTRT ➡ EKLપંચકર્મ
➡ ઉપનાહ સ્વેદન ➡ પટ્ટબંધન
➡ લેપન ➡ અગ્નિકર્મ
➡ વેધાગ્નિકર્મ ➡ ક્ષારકર્મ
➡ પંચકર્મ ➡ વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત ‘પ્રતિક હાઉસ’, ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ ચૌદસ રવિવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૦

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# મધ્ય પૂર્વમાં ફરી મહાયુદ્ધના એંધાણ

**સામસામું** લશ્કરી શક્તિ પ્રદર્શન શરૂ, અમેરિકાએ ત્રીજું વિમાન વાહક જહાજ રવાના કર્યું, ઇઝરાયેલના વિમાનોએ ઇરાન નજીક ઉડાન ભરી

**ઇરાને** લશ્કરી કવાયત શરૂ કરી, નવું શસ્ત્ર તૈયાર હોવાની ધમકી આપી

**કેરો, તા. 24 :** બે અમેરિકી એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ મધ્ય પૂર્વમાં છે, અને ત્રીજું રસ્તામાં છે. અમેરિકા અને ભારતે પોતાના નાગરિકો માટે નવી એડવાઈઝરી જારી કરી છે, જ્યારે ઈઝરાયેલે ઈરાની સરહદ નજીક જેટ વિમાનોની સોર્ટી કરી હોવાના અહેવાલ છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, એવા ઘણા સ્પષ્ટ સંકેતો મળ્યા છે કે અમેરિકા અને ઈઝરાયેલ આ વખતે વધુ તાકાત સાથે ઈરાન સામે હુમલા

...અનુસંધાન પાના 11 પર

## પાંચ મહત્વના સંકેતો

અમેરિકાએ ત્રીજું એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઇક ગ્રુપ, USS થિયોડોર રૂઝવેલ્ટ ને મધ્ય પૂર્વમાં રવાના કર્યું છે. તેની સાથે USS મેકિન આઇલેન્ડ એમ્ફિબિયસ રેડિનેસ ગ્રુપ અને તેના બે એમ્ફિબિયસ લેન્ડિંગ જહાજો પણ છે. દરમિયાન, ઇરાન દેશભરમાં લશ્કરી કવાયતો યોજી રહ્યું છે, જેમાં એક જ વારમાં 30 બેલેસ્ટિક મિસાઇલો લોન્ચ કરવાનો પણ સમાવેશ થાય છે, તેમ સીએનએન એ અહેવાલ આપ્યો છે. તેહરાન તરફથી આવતા અવાજો સૂચવે છે કે તેના કમાન્ડરો લડાઇ ફરી શરૂ થાય તે માટેની તૈયારીઓ કરી રહ્યા છે. આ સપ્તાહના પ્રારંભમાં, જેવા સામે તેવા પગલામાં, IRGC એ એક નવું શસ્ત્ર - ‘ફાધર ઓફ ઓલ બોમ્બ’ દર્શાવ્યું. IRGC ના પ્રવક્તા હોસેન મોહાબીએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, “આ દુશ્મન માટે કંઈક નવું છે.” IRGC એ લશ્કરી વધારાની સ્થિતિમાં તેની નવી લાંબા અંતરની મિસાઇલોનો ઉપયોગ કરવાની ધમકી પણ આપી છે. વિશ્લેષકોએ સૂચવ્યું હતું કે આ મિસાઇલો બ્રિટનમાં યુએસ એરબેઝ અથવા જર્મનીના રામસ્ટીનમાં આવેલ લોજિસ્ટિક્સ હબ (અમેરિકા બહારનું સૌથી મોટું યુએસ લશ્કરી મથક) સુધી પહોંચી શકે છે. ઇરાનની નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહસેન રેઝાઇએ દાવો કર્યો છે કે આ વખતે “કોઈ રેડ લાઇન નહીં રહે”. રેઝાઇએ ચેતવણી આપી છે કે નિશાનામાં સમગ્ર ખાડી ક્ષેત્રના ઓઇલ પ્લાન્ટ્સ, અંડરસી કેબલ્સ, ડેટા સેન્ટર્સ અને AI સુવિધાઓનો સમાવેશ થશે. બીજો એક મહત્વપૂર્ણ સંકેત જે આપણને સંઘર્ષ ફરી શરૂ થવાની શક્યતા દર્શાવે છે તે મધ્ય પૂર્વમાં યુએસ ડિપ્લોમેટિક મિશન દ્વારા અમેરિકી નાગરિકો માટે જારી કરવામાં આવેલી નવી સુરક્ષા ચેતવણીઓ છે. ભારતે પણ પોતાના નાગરિકો માટે એડવાઇઝરી જારી કરી છે જે પણ મહત્વનો સંકેત છે અને ઇઝરાયેલના યુદ્ધ વિમાનોએ ઇરાન નજીક ઉડાનો ભરી છે પણ એક સંકેત છે.

## ફ્રાન્સમાં ચોતરફ હિંસક વિરોધ પ્રદર્શનો

**ચાર** લાખથી વધુ લોકો રસ્તા પર, પેરિસમાં જ એક લાખથી વધુ લોકો રેલીમાં ઉમટી પડ્યા, મેક્રોન સરકારને પડકાર

**અનેક** સ્થળે આગજની, પોલીસે ટિયરગેસ, વોટર કેનનનો ઉપયોગ કર્યો: ૧૩૫ની ધરપકડ, કેટલાક પાસેથી ઘાતક શસ્ત્રો પકડાયા







**પેરિસ, તા. 24:** શિક્ષણની નબળી સ્થિતિ અને કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારી જેવા મુદ્દાઓને લઈને શનિવારે પેરિસમાં ૧,૦૦,૦૦૦થી વધુ લોકોએ વિરોધ રેલી કાઢીને પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોનની સરકારને પડકારી હતી. જ્યારે દેશભરમાં કુલ મળીને ચાર લાખથી વધુ લોકો વિવિધ રેલીઓ અને વિરોધ પ્રદર્શનોમાં ઉમટી પડ્યા હોવાનો અંદાજ છે.

પેરિસમાં રેલી શરૂઆતમાં શાંત રહી હતી પરંતુ પ્રદર્શનના અંત સમયે ઘર્ષણ સર્જાતા પોલીસે અશ્રુવાયુ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો.પેરિસ પોલીસે આ વિરોધ પ્રદર્શનમાં આશરે ૧,૧૦,૦૦૦ લોકો જોડાયા હોવાનો અંદાજ લગાવ્યો હતો. આ રેલી શહેરના મધ્ય ભાગથી દૂર, દક્ષિણ-પૂર્વ સરહદી વિસ્તાર સુધી સીમિત રાખવાના પ્રતિબંધો હોવા છતાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. ફ્રેન્ચ મીડિયાના અહેવાલો અનુસાર, લિયોન, ક્લેરમોન્ટ-ફેર્રાન્ડ અને સ્ટ્રાસબર્ગ સહિતના અનેક શહેરોમાં પોલીસે અશ્રુવાયુ છોડ્યો હતો તથા નાઇસ અને નાંતેસમાં વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. માર્સેઇલમાં, રેલીના અંતિમ પોઇન્ટ નજીક અનેક ડઝન લોકો સાથે થયેલી ઝડપ દરમિયાન અધિકારીઓએ ટીયર ગેસ છોડ્યો હતો. પેરિસ પ્રાસિક્યુટર કાર્યાલયે જણાવ્યું હતું કે શનિવારના પ્રદર્શનના સંબંધમાં ૬૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. દેશભરમાં ૧૩૫ની ધરપકડ થઇ હોવાના અહેવાલ છે. કાર્યાલયે ઉમેર્યું કે મોટાભાગની ધરપકડો શંકાસ્પદ હથિયાર ધરાવવા અથવા હિંસા કે મિલકતને નુકસાન પહોંચાડવાનું આયોજન કરી રહેલા જૂથમાં ભાગ લેવાના આરોપ હેઠળ કરવામાં આવી હતી.

આ અશાંતિ મે મહિનામાં યોજાનારી પ્રમુખની ચૂંટણી પહેલા મેક્રોનની સત્તાની કસોટી કરી રહી છે. આ ચૂંટણી દાવ પર છે: કટ્ટર જમણેરી ‘નેશનલ રેલી’ પક્ષે મેક્રોન સરકાર પર જનતાનું રક્ષણ કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો છે અને લોકોને તેમનો આક્રોશ વોટમાં બદલવા અપીલ કરી છે.

આજના વિરોધ પ્રદર્શનો પહેલા ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે હેલિકોપ્ટર, સશસ્ત્ર વાહનો અને વોટર કેનનથી સજ્જ આશરે ૭૦,૦૦૦ પોલીસ કર્મચારીઓની દેશવ્યાપી તૈનાતીની જાહેરાત કરી હતી. પેરિસમાં દેખાવો પહેલા પોલીસે કરેલી કાર્યવાહીમાં કેટલાક દેખાવકારો પાસેથી ચાકુ સહિતની ઘાતક સામગ્રી પકડાઇ હતી.

**અમેરિકી અધિકારીઓ પર હુમલાનું ઈરાનનું મોટું ષડયંત્ર: અમેરિકા એલર્ટ મોડ પર**

## ઈમરજન્સી એક્ઝિટ: 4 અખાતી દેશોના દૂતાવાસોમાં સ્ટાફ ઘટાડતું અમેરિકા

**નેશનલ** ઇન્ટેલિજન્સના વડાએ વિદેશ મંત્રી રૂબિયોને માહિતી આપી કે અમેરિકી કર્મચારીઓને નિશાન બનાવવાની યોજનામાં ઇરાન ઘણું આગળ વધી ગયું છે

**આના** પછી જોર્ડન, લેબેનોન, કતાર અને યુએઇ ખાતેના દૂતાવાસોમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનું અમેરિકાએ શરૂ કર્યું

**વોશિંગ્ટન, તા. 24:** ઈરાને આ વિસ્તારમાં અને અન્ય સ્થળોએ અમેરિકી કર્મચારીઓને નિશાન બનાવવાના પ્રયાસો ઝડપી બનાવ્યા છે તેવી ગુપ્તચર માહિતી મળ્યા બાદ અમેરિકાનું વિદેશ મંત્રાલય મધ્ય પૂર્વના ચાર દેશોનાં અમેરિકી દૂતાવાસોમાં સ્ટાફની સંખ્યા ઘટાડી રહ્યું છે. શુક્રવારે વિદેશ મંત્રી માર્કો રૂબિયોને મોકલેલા એક મેમોમાં, ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ જે ક્લેટને જણાવ્યું હતું કે તેમની ટીમોને એવી માહિતી મળી છે કે ઈરાને અમેરિકી કર્મચારીઓને નિશાન બનાવવાના પ્રયાસોમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ક્લેટને લખ્યું, “અમેરિકી નાગરિકો સામે ઈરાનીઓ દ્વારા કરવામાં આવી રહેલી ઘાતક ષડયંત્રની કોશિશો મધ્ય પૂર્વ અને કેટલાક અન્ય દેશોમાં ઉચ્ચતર તબક્કે પહોંચી ગઈ છે.” આ મેમો ધ એસોસિએટેડ પ્રેસ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યો હતો અને અગાઉ એક્સિઓસ દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો. આ બાબતની સંવેદનશીલતાને કારણે નામ ન આપવાની શરતે વાત કરતા ત્રણ અમેરિકી અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે આ મેમો રૂબિયોને વિદેશ મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકેની તેમની હેસિયતને કારણે મોકલવામાં આવ્યો હતો. જો કે સ્ટાફ

...અનુસંધાન પાના 11 પર

## સાઉદી અરેબિયા પર હૂતીઓનો ભયાનક મિસાઈલ એટેક

**સાઉદીની** ઈસ્ટ-વેસ્ટ પાઇપલાઇન, એક એરબેઝ, ક્રૂડ ઓઇલ પમ્પિંગ સ્ટેશનો વગેરે પર પણ પોતે હુમલાઓ કર્યા હોવાનો દાવો

**કેરો, તા. 24 :** યમનના હૂતી વિદ્રોહીઓએ શનિવારે જણાવ્યું હતું કે તેઓએ સાઉદી અરેબિયામાં તેલ સુવિધાઓ, એરપોર્ટ અને એક એરબેઝ પર હુમલા કર્યા છે. સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને તાએફ અને યાનબુ તરફ છોડવામાં આવેલી બે બેલિસ્ટિક મિસાઈલોને નષ્ટ કરી દીધાની જાહેરાત કર્યાના કલાકો બાદ

...અનુસંધાન પાના 11 પર

### ઈરાનના સ્પીકરે ભારત મુલાકાત રદ કરી

પશ્ચિમ એશિયામાં વધુ એક સંઘર્ષ ફાટી નીકળવાના ડર વચ્ચે, ઈરાનના ટોચના નેતાઓમાંના એક અને દેશના સંસદના સ્પીકર મોહમ્મદ-બાઘેર કાલિબાફે,

...અનુસંધાન પાના 11 પર

## હુમલો થાય તો ઈન્ટરનેટ કેબલો કાપી નાખવાની ઈરાનની ધમકી

**જો કે** હોર્મુઝની ખાડીમાં વિશ્વના કુલ સમુદ્રી કેબલોમાંથી માત્ર એક ટકા જ પસાર થાય છે

**વૉશિંગ્ટન, તા. 24:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ફરીથી હુમલો કરવાની ધમકી આપી તેની સામે ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા અને ઈઝરાયેલ ફરીથી હુમલો કરશે તો તે અખાતી દેશોમાં સમુદ્રની નીચે બિછાવેલી ઈન્ટરનેટ કેબલને નિશાન બનાવશે. આનાથી ઈન્ટરનેટ સેવાઓ, બેંકિંગ અને ઓનલાઈન બિઝનેસ પર અસર પડી શકે છે. ઈરાનના બે વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓએ રોઈટર્સને જણાવ્યું

...અનુસંધાન પાના 11 પર

### યુદ્ધ નહીં કરવાની યુરોપિયન વિદેશ મંત્રીઓની અપીલ

**અંકારા, તા. 24:** તુર્કીના વિદેશ મંત્રી હાકાન ફિદાને કહ્યું કે ઈરાન પર નવો હુમલો તણાવ વધારશે અને યુદ્ધને અન્ય દેશો સુધી ફેલાવી શકે છે. તેમણે કહ્યું કે સંઘર્ષ પૂરો કરવાનો રસ્તો વાતચીત અને કૂટનીતિ જ છે. ફ્રાન્સના વિદેશ મંત્રી જ્યો-નોએલ બારોએ પણ તણાવ વધારતી કામગીરીથી બચવાની અપીલ કરી.

...અનુસંધાન પાના 11 પર

**બ્રેન્ટ ક્રૂડ 6 મહિનાની ઊંચી સપાટીએ, તહેવારો બાદ લિટર દીઠ રૂ. 5થી 10નો ભાવવધારો ઝીંકાઈ શકે**

## દિવાળી પછી દેશમાં પેટ્રોલ-ડિઝલ રૂ. 10 સુધી મોંઘું થવાના એંધાણ

**નવી દિલ્હી, તા. 24.** મીડલ ઈસ્ટના તણાવને લઈને જે રીતે ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો આવી રહ્યો છે અને છ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ગયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત હુમલાની આશંકા તેમજ ઈરાન સમર્થિત હુથી જુથ દ્વારા સાઉદી પર સતત વધતા હુમલાને કારણે આંતરરાષ્ટ્રીય ક્રુડ બજારોમાં ભાવમાં વધારો થયો છે. જેમાં બ્રેન્ટ ક્રુડ 114 ડોલર પ્રતિ બેરલ બોલાતો થઈ ગયો છે. જ્યારે ડબલ્યુટીઆઈ ક્રુડની કિંમત પણ 100 ડોલરને પાર કરી ગયો છે. આમ, છેલ્લા એક મહિનામાં બ્રેન્ટ ક્રુડના ભાવમાં 6.78 ટકાનો ઉછાળો નોંધાયો છે.

ક્રુડ ઓઈલના વધી રહેલા ભાવથી સૌથી વધુ અસર ભારત પર પડી રહી છે. ભારતમાં આયાતી બિલમાં જોરદાર ઉછાળો આવી રહ્યો છે, આ દબાણની સામે ઓઈલ કંપનીઓને ભાવ વધારો એક જ વિકલ્પ રહ્યો છે.

જોકે, આગામી સમયમાં દિવાળીનો તહેવાર હોવાથી આમ જનતા ઉપર ભાવ વધારો ઝીંકાય તેવું લાગતું નથી. પણ એવું સ્પષ્ટ માનવામાં આવી રહ્યું છે કે, દિવાળીના તહેવારો બાદ દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો જોવા મળશે અને આ ભાવ વધારો પણ લિટર દીઠ રૂ. પાંચથી ઓછો નહીં હોય. જે પરિસ્થિતિ જોવા મળી રહી છે તેને જોતાં પેટ્રોલ અને ડિઝલમાં લિટર દીઠ રૂ. 10 સુધીનો પણ વધારો થઈ શકે છે.

### LPG બોમ્બ ! સિલિન્ડર દીઠ ખોટ 34% ઉછળી

**એક** જ મહિનામાં અંડર-રિકવરી રૂ. 245થી વધીને રૂ. 327 પહોંચી; વિદેશી ભાડું બમણું થતાં સરકારી તેલ કંપનીઓની સંચિત ખોટ રૂ. 62,000 કરોડને પાર

**મુંબઈ, તા. 24.** લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) પરની ‘અંડર-રિકવરી’ (ખર્ચ અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) માસિક ધોરણે લગભગ 34 ટકા વધીને 14.2 કિલોના ઘરેલુ સિલિન્ડર દીઠ રૂ. 327 થઈ ગયો છે. સરકારી માલિકીની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (HPCL) ના ચેરમેન વિકાસ કૌશલે જણાવ્યું હતું કે, LPG પરની અંડર-રિકવરી ઓક્ટોબરમાં સિલિન્ડર દીઠ રૂ. 245 હતી, જે નવેમ્બર 2026માં વધીને સિલિન્ડર દીઠ રૂ. 327 થઈ ગઈ છે. નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ ‘અંડર-રિકવરી’ (ખર્ચ અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) આશરે રૂ. 18,049 કરોડ હતી. આ રકમ ગ્રાહકોને પ્રવર્તમાન બજાર દરો કરતાં ઓછી કિંમતે એલપીજી (LPG) વેચવાને કારણે થઈ છે. 31 માર્ચ, 2026 અને 30 સપ્ટેમ્બર, 2025ના રોજ પૂરા થયેલા સમયગાળા દરમિયાન અંડર-રિકવરી અનુક્રમે આશરે રૂ. 12,798.67 કરોડ અને રૂ. 14,240.64 કરોડ હતી. સમગ્ર ઉદ્યોગના સ્તરે જોઈએ તો, જૂન મહિનામાં પ્રતિ સિલિન્ડર અંડર-રિકવરી આશરે રૂ. 721 હતી, જે એક મહિના પછી ઘટીને આશરે રૂ. 500 પ્રતિ સિલિન્ડર થઈ ગઈ હતી. ઓગસ્ટ મહિનામાં પ્રતિ સિલિન્ડર અંડર-રિકવરી આશરે રૂ. 188 હતી, જે સપ્ટેમ્બરમાં વધીને આશરે રૂ. 210 પ્રતિ સિલિન્ડર થઈ હતી. PSU OMCs - ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOCL), HPCL અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (BPCL) - ની સંચિત અંડર રિકવરી જૂનમાં આશરે રૂ. 51,000 કરોડથી વધીને ઓગસ્ટ 2026માં રૂ. 62,000 કરોડથી વધુ થઈ ગઈ.

## ભારતીય ભૌતિક શાસ્ત્રી અશોક સેનને ઓસ્કાર ક્લેઈન મેડલ

**આ બહુમાન** મેળવનાર પ્રથમ ભારતીય ભૌતિક શાસ્ત્રી બન્યા



**નવી દિલ્હી/બેંગલુરુ, તા. 24 (PTI):** ભારતીય ભૌતિકશાસ્ત્રી અશોક સેનને ૨૦૨૬ના ‘ઓસ્કાર ક્લેઈન મેડલ’થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ આ બહુમાન મેળવનારા પ્રથમ ભારતીય ભૌતિકશાસ્ત્રી બન્યા છે. બેંગલુરુ સ્થિત ‘ઈન્ટરનેશનલ

...અનુસંધાન પાના 11 પર







**તા. ૨૪-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૬° સે. | ૨૪.૦° સે. | ૪૪% |